**GJSK020248852025**

દાખલ તારીખ : ૨૫/૧૦/૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૨૫/૧૦/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૦/૦૪/૨૦૨૬
અવધિ : વર્ષ ૦૦ માસ ૦૫ દિવસ ૧૬

**હિંમતનગરના મહેરબાન ત્રીજા એડીશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી કે. એચ. શેખા) સાહેબની કોર્ટમાં, મુ. હિંમતનગર, જી. સાબરકાંઠા.**

**ફો.પ.અ. નં.૧૫૧૪/૨૦૨૫**
આંક :-૧૫

**અરજદાર : પટેલ આશાબહેન વિઠ્ઠલભાઈ, ઉ.વ.આ.૨૬, ધંધો: ઘરકામ,**
**રહે. મુ.પો. હિંમતપુર, તા.હિમતનગર, જી.સાબરકાંઠા**

**વિરૂધ્ધ**

**સામાવાળા :** (૧) પ્રિન્સીપાલશ્રી,
શ્રી વિનય મંદીર વિધાલય, હિંમતપુર,
(માનપુર), તા.હિમતનગર, જી.સાબરકાંઠા
(૨) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
હિમતનગર નગરપાલીકા, મુ.તા.હિમતનગર, જી.સાબરકાંઠા
(૩) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જીલ્લા શીક્ષણ અધિકારીશ્રીની કચેરી,
મુ.તા.હિમતનગર, જી.સાબરકાંઠા

---

**અરજ :- ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ નાં નિયમ-૧૨(એ) ના કલોઝ-૫,૬ તથા જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ અરજ.....**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.બી.પટેલ

---------------------------------------------------

## :: ઠરાવ ::

(૧) અરજદારની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે,

આ કામના અરજદારનો જન્મ તા.૨૦/૦૯/૧૯૯૯ ના રોજ પુજા હોસ્પિટલ, હિમતનગર, જી.સાબરકાંઠા મુકામે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી હિમતનગર નગરપાલીકા ખાતે નોંધણી નં. ૪૮૩૫ થી તા.૨૩/૦૯/૧૯૯૯ના રોજ નોંધાયેલ છે. અરજદારે અભ્યાસ સારૂ પ્રથમવર્ગમાં પ્રવેશ મેળવેલ ત્યારે અરજદારની સામાવાળા નં. ૧ ના સ્કુલ રજીસ્ટરે જે તે વખતે શરતચુકથી તા.૧૪/૦૬/૧૯૯૯ લખાયેલ છે.જે શાળા છોડયાના પ્રમાણપત્રનો જી.આર.નં. ૧૨૯ નો છે. અરજદારના જન્મના દાખલાની જરૂરીયાત હોવાથી હિમતનગર નગરપાલીકા ખાતેથી તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ જન્મનો દાખલો મેળવેલ. જેમા જન્મ તારીખ અલગ અલગ છે. આમ સામાવાળા નં.૧ નાઓ તેઓના જનરલ રજીસ્ટરમાં અરજદારની જન્મ તારીખ ૨૦/૦૯/૧૯૯૯ ની જગ્યાએ તા.૧૪/૦૬/૧૯૯૯ નો સુધારો કરી નવુ લીવીંગ સર્ટીફીકેટ અરજદારને સામાવાળા નં.૧ નાઓ ઈસ્યુ કરે તેવી અરજ છે.

(૨) અરજદારની હાલની આ અરજી સંદર્ભે આ કામનાં સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલ છે અને નોટીસની બજવણી થતાં આ કામના સામાવાળાઓ હાજર થયેલા છે.

(૩) હાલની અરજીના કામે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અનુ.નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં. ૧ ની સરતપાસનું સોંગદનામુ | ૦૫ |
| ૨ | સામાવાળા નં. ૨ ની સરતપાસનું સોંગદનામુ | ૦૮ |
| ૩ | અરજદારની સરતપાસનું સોંગદનામુ | ૧૩ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં. ૩ તરફે લેખીત જવાબ | ૦૪ |
| ૨ | સામાવાળા નં.૧ તરફે રજુ રજીસ્ટરનાં સંબધીત પાનાની નકલ | ૦૬ |
| ૩ | શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૦૭ |
| ૪ | સામાવાળા નં.૨ તરફે રજુ રજીસ્ટરનાં સંબધીત પાનાની નકલ | ૦૯ |
| ૫ | અરજદારનું જન્મનું પ્રમાણપત્ર | ૧૦ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૪ |

(૪) આ કામે **સામાવાળા નં.૧ તર્ફે પ્રતિકકુમાર ધનશ્યામસિંહનાઓને આંક–૦૫** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હાલમાં પ્રિન્સીપાલ તરીકે ફરજો બજાવે છે અને તેઓની કામગીરીમાં શાળામાં પ્રવેશ કરતા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની તમામ પ્રકારની કામગીરીઓ તેમજ શાળાને લગતી તમામ વહીવટીય કામગીરીઓ કરવાની ફરજો અદા કરવાની હોય છે. અરજદારને તેઓની શાળામાં ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરેલ છે સને ૨૦૧૬ ના વર્ષમાં ધોરણ–૧૨ ની પરીક્ષા પાસ કરી તેઓની શાળાના જનરલ રજીસ્ટર નંબર ૧૨૯ પરથી તા.૮/૬/૨૦૧૬ ના રોજ સીરીયલ નંબર ૧૦૬ થી લીવીંગ સટીફીકેટ કાઢી આપેલ છે તેમા અરજદારની જન્મ તારીખ

તા.૧૪/૬/૧૯૯૯ નારોજની લખેલ છે જે સંબધીત પાનાની નકલ આંક–૬ થી પુરાવામાં રજુ છે અને તે પરથી અરજદારનું લીવીંગ સર્ટીફીકેટ કાઢી આપવામાં આવેલ છે.

(૫) આ કામે **સામાવાળા નં.૨ તર્ફે બેંકર લક્ષણાબેન યોગેશકુમારનાઓને આંક–૦૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હાલ તેઓ હિમતનગર નગરપાલીકામાં ફરજ બજાવે છે અને તેઓની ફરજો દરમીયાનન હિમતનગર નગરપાલીકા હિમતનગરનું જન્મ મરણ નોંધણી રજીસ્ટર નીભાવવાનું અને તેમજ તેને લગત વહીવટીય કામગીરીઓ કરવાની ફરજ હોય છે. આ કામના અરજદાર આશાબેન વિઠ્ઠલભાઈ પટેલના જન્મની નોંધણી હિમતનગર નગરપાલીકાના સને ૧૯૯૯ ના વર્ષના જન્મ રજીસ્ટરે નોંધણી ક્રમાંક ૪૮૩૫ પરથી તા.૨૩/૯/૧૯૯૯ ના રોજ નોંધણી કરવામાં આવેલ છે જેમા અરજદારની જન્મ તારીખ ૨૦/૦૯/૧૯૯૯ના રોજની છે જે સંબધીત પાનાની નકલ આંક–૯ થી પુરાવામાં રજુ છે તે મતલબનું જન્મનું પ્રમાણપત્ર તા.૩૦/૮/૨૦૨૫ ના રોજ કાઢી આપવામાં આવેલ છે.

(૬) આ કામે સામાવાળા નં.૩–જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, હિંમતનગર નાઓને હાલના કામની નોટીસ બજતા તેઓએ હાજર થઈને અરજી સંદર્ભે **આંક–૦૪** થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે તેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, શાળા છોડયા પછી વિદ્યાર્થીના નામ, અટક, જન્મ તારીખ કે તેના રેકર્ડમાં કોઈ ફેરફાર કરવાની સત્તા તેમને નથી.

(૭) સદર કામે આંક–૧૩ થી અરજદાર પટેલ આશાબેન વિઠ્ઠલભાઈનાઓને તપાસેલ છે જેમા તેઓએ અરજીની હકિકતને સમર્થન કરેલ છે.

(૮) હાલની અરજી સંદર્ભે અત્રેની અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચે જણાવેલ ચુકાદાઓ માનભેર વંચાણે લીધેલ છે.

**- Regional Passport Officer Vs Kokilaben J Panchal- 2009 (2) GLR 1246**

**- Nitaben Nareshbhai Patel Vs State of Gujarat - 2008 (1) GLR 884**

**- Minor Jagdishbhai Prabhatbhai Gohil Vs State of Gujarat**

ઉપરોકત તમામ ચુકાદાને વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, શાળાના રેકર્ડમાં દાખલ થયેલ જન્મ તારીખમાં જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો ત્યારબાદ તેમાં શાળા ધ્વારા કોઈ ફેરફાર કરી શકાશે નહિ પરંતુ તેવા સુધારા માટે સાચા પિતાના નામના પુરાવા સાથે સ્થાનિક હકુમત ધરાવતી કોર્ટના જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ કોર્ટને અરજી કર્યેથી આવા કિસ્સાઓમાં સુધારો કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ ચર્ચા, હકીકતો અને રજુ દસ્તાવેજી પુરાવાના આધારે અરજદારની અરજી અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

અરજદારની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

આથી આ કામના સામાવાળા નં.**(૧) પ્રિન્સીપાલશ્રી,શ્રી વિનય મંદીર વિધાલય, હિંમતપુર,(માનપુર), તા.હિમતનગર, જી.સાબરકાંઠા** નાઓને આદેશ કરવામાં આવે છે કે, અરજદાર નામે **પટેલ આશાબેન વિઠ્ઠલભાઈ**ના જનરલ રજીસ્ટરમાં તથા સ્કુલ

લીવીંગ સર્ટીફીકેટમાં અરજદારની જન્મ તારીખ ૧૪/૦૬/૧૯૯૯ ની જગ્યાએ **જન્મ તારીખ ૨૦/૦૯/૧૯૯૯** નો સુધારો કરી તે મુજબનું નવુ લીવીંગ સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૦ **મી,** માહે એપ્રિલ**,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી**,** સંભળાવી**,** સહી કરી જાહેર કર્યો.

**તા.૧૦/૦૪/૨૦૨૬**

**(કમલેશ હરિભાઈ શેખા)**

હિંમતનગર.

ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ,
હિંમતનગર, જી. સાબરકાંઠા.
**જજ કોડ નં. જી જે ૦૧૧૫૬**

//Parul//